## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ





સાહેબ, લાવો દસ રૂપિયા... તમને શિક્ષણ, સારવાર આ પૈસામાંથી જ તો આપીએ છીએ...

## વાત-વાતમાં.....

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી આરએમઓ ડૉ. રાજેન્દ્ર ચૌહાણ વય નિવૃત્ત થયા છે. ડૉ. ચૌહાણના સ્થાને ડૉ. સુધાબેને આજથી આરએમઓ તરીકે ચાર્જ સંભાળી લીધો હતો.
- શહેરમાં હવે શેરીએ શેરીએ વિદેશી ફ્રુટ્સ દેશી સ્ટાઈલમાં વેચાતા હોય તેવા દશ્યો જોવા મળી રહ્યાં છે. સેક્ટરોની શેરીઓમાં લારીઓ લઈને મહિલા ફેરિયા અથવા સાયકલ પર ફ્રુટ્સ વેચવા આવતા પુરૂષ ફેરિયાઓ દ્વારા કિવી, સ્ટ્રોબેરી, લીચી, ડ્રેગન, ચેરી વગેરે જેવા ફળો આકર્ષક પેકિંગ સાથે વેચવામાં આવી રહ્યાં છે.
- આ સપ્તાહના અંતમાં તા. ૮-૯ ફેબ્રુઆરી દરમ્યાન શહેરમાં લગ્નસરાના આયોજનોની ભરપૂર ભરમાર જોવા મળશે. આ કારણે શહેરમાં શનિ-રવિ દરમ્યાન તમામ પાર્ટી પ્લોટ, રંગમંચ તથા કોમન પ્લોટ્સ લગ્નસમારંભો માટે અગાઉથી જ બુક થઈ જવા પામ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

## અનામત આંદોલનકારી સાથે સંકલન રાખવા સૂચન

ગાંધીનગર ગુજરાતમાં અનામત પરિપત્રના મામલે વર્ગ વિગ્રહ વધવાની ભીતિને જોતાં હવે મોડે મોડે પણ રાજ્ય સરકાર હરકતમાં આવી છે. સરકારને મળેલા ખાનગી રિપોર્ટના આધારે આ મામલો વધુ ગંભીર ન બને અને ગુજરાતમાં ફરીએકવાર સમાજ વિગ્રહ ન થાય તે માટે રાજ્ય પોલીસને સૂચના આપી છે કે, આંદોલનકારીઓ સાથે સંકલન કરી અને તેમની રજૂઆતો અને માંગણીઓને સરકારના જે તે વિભાગ અને મંત્રીઓ સુધી પહોંચાડી સમાધાન માટેના પ્રયાસો કરવામાં આવે. જેની શરૂઆત આજે ગાંધીનગરમાં છેલ્લા ૫૫ દિવસથી ઉપવાસ પર બેઠેલી એલઆરડીની મહિલા પરીક્ષાર્થીઓ સાથે સંકલન કરવાની પહેલ કરી છે. જેને લઈ હવે ઉમેદવારોને પણ કંઈક આશા બંધાઈ છે.



ગાંધીનગર શહેરમાં આજે બે કાર અલગ અલગ સર્કલો પર ચડી ગઈ હતી. માર્ગ પરથી પસાર થતા કારચાલકે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા સેક્ટર-૭/૮ પાસે ડિવાઈડર પર કાર ચડી ગઈ હતી. તો બીજા બનાવમાં બપોરના સમયે શહેરના મુખ્ય ઘ-૩ સર્કલમાં કાર માર્ગ પરથી નીચે ઉતરતા કાર નમી ગઈ હતી.

# ટ્રાફિક સિગ્નલ તોડવાનો પ્રયાસ કરતી મહિલા કારચાલકને ટ્રાફિકકર્મીનો ઠપકો..!!

### કારમાં સાથે બેઠેલી દિકરીને ટ્રાફિક નિયમનો ભંગ કરવાની શિક્ષા આપતી બેજવાબદાર માતા..!!

શહેરમાં ટ્રાફિક સિગ્નલની અમલવારીનો પ્રારંભ કરે સારો એવો સમય થઈ ગયો હોવા છતાં હજુ પણ



વાહનચાલકો ભુલી જાય છે કે ટ્રાફિક સિગ્નલની રેડ લાઈટ થઈ જાય ત્યારે થોભી જવાનુ છે અને આદતવશ વાહન આગળ લઈને રેડલાઈટ હોવા છતાં નીકળી જાય તેવી સ્થિતિ પણ જોવા મળે છે. જો કે ટ્રાફિક કર્મીઓ દ્વારા ખાસ કરીને "રશ અવર" દરમ્યાન ટ્રાફિક સિગ્નલ્સનું બરાબર પાલન થાય તેની તકેદારી લેવામાં આવી રહી છે પરંતુ કેટલીકવાર આ દરમ્યાન વાહનચાલકો સાથે ખાટી-મીઠી તકરાર પણ થઈ જવા પામે છે.

આજે સાંજના સુમારે જિલ્લાપંચાયત પાસેના 'ચ' રોડ પરના ટ્રાફિક સિગ્નલે આ પ્રકારની ઘટના જોવા મળી હતી જેમાં ચ-૩ તરફથી આવી રહેલી એક મહિલા કારચાલકે "રેડ લાઈટ" શરૂ થઈ ગઈ હોવા છતાં પોતાની કાર નિયત રેખા કરતા આગળ લઈ સિગ્નલ ભંગ કરવા કોશિષ કરી હતી પરંતુ તે જ સમયે ફરજ પરના વરિષ્ઠ વયના ટ્રાફિક કર્મીએ કારની આગળ આવી જઈને મહિલાને અટકાવી હતી. આમ છતાં ટ્રાફિક કર્મી બાજુમાં ખસતા જ મહિલાએ ફરી કારને આગળ લેવા પ્રયાસ કરતા ફરી એકવાર ટ્રાફિક કર્મીએ રોડ વચ્ચે આવી તેની કારને થોભાવતા મીઠો ઠપકો આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે કારમાં મહિલા સાથે એક સાત આઠ વર્ષની દિકરી પણ હતી જેને આ વયમાં ટ્રાફિક નિયમો તોડવાની ખોટી શિક્ષા માતા પાસેથી મળી હતી. કારની નંબર પ્લેટ પંજાબ પાસીંગની કાર દર્શાવતી હતી તેથી શક્ય છે કે મહિલાને ઈ-મેમોનો પણ ડર લાગ્યો નહોતો.



દુનિયામે જીના હૈ તો કામ કર પ્યારે... આ મોપેડસવાર કદાચ આ જ ગીત ગણગણતો હશે. પરિવારને ચલાવવા માટે આ વ્યક્તિ ખુબ જ મહેનત કરી રહ્યો છે તે દેખાઈ રહ્યુ છે. ટાંચા સાધનોના ઉપયોગથી વધુ કમાણી કરવા માટે આ મોપેડસવાર જીવનુ જોખમ ખેડવા તૈયાર થઈ ગયો છે. મોપેડ પર મોટુ બોક્ષ અને ત્રણ-ચાર થેલા સાથે જોખમી સવારી કરી રહેલો આ વ્યક્તિ ક્યાંયને ક્યાંક મજબૂર દેખાઈ રહ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં ટેકાના ભાવે અડદની ખરીદી કરવાની સરકારની જાહેરાત પછી હજુ માત્ર ૧૪ બોરીની જ આવક થતાં તંત્ર માટે પણ મુંઝવણ ઉભી થવા પામી છે.
- આજે ટી.બી. તેમજ વાહકજન્ય રોગચાળાને લઈ જિલ્લાના તબીબી અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી.
- ચાઈનાથી ગાંધીનગરના સાત વિદ્યાર્થીઓ પરત ફર્યા છે જ્યારે પાંચ અન્ય મુસાફરો છે જે વાયા ચીન થઈ આવ્યા છે. જો કે આ ૧૨ વ્યક્તીઓની મેડીકલની ટીમ રોજેરોજ મુલાકાત લઈ રહી છે.
- ગાંધીનગર શહેરમાં રખડતા પશુ અને ઉભરાતી ગટરોની સમસ્યા પુનઃ શરૂ થતાં મનપાનું તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. ખાસ કરીને સે. ૨૮માં ગટરોની સમસ્યા વધુ જોવા મળી રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧૪મા નાણાંપંચના કામો તેની નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા આજે વિકાસ શાખાએ બોલાવેલી તાલુકા અધિકારીઓની બેઠકમાં સૂચના આપી હતી.

# અમદાવાદથી કુઆલાલુમ્પુર સીધી ફ્લાઈટો શરૂ કરાઈ છે

### અમદાવાદથી કુઆલાલુમ્પુર સુધીની નવી સીધી ફલાઇટ શરૂ કરાતાં પ્રવાસીને વધુ એક સુવિધા અને સફરનો આનંદ

અમદાવાદ, તા. ૪

દેશમાં સૌથી વધુ પસંદગીની લો કોસ્ટ એરલાઈન્સમાંની એક એરએશિયાએ આજે અમદાવાદથી કુઆલા લુમ્પુરમાંથી



પ્રથમ ડાયરેક્ટર ફ્લાઈટ શરૂ કરવાની બહુ મહત્વની જાહેરાત કરાઇ હતી. એરલાઈન્સની ફ્લાઈટમાં આ નવા વધારા સાથે એની આંતરરાષ્ટ્રીય સેવામાં વધારો થયો છે. તો બીજીબાજુ, પ્રવાસીઓમાં પણ આનંદની લાગણી ફેલાઇ ગઇ છે. હવે કુઆલા લુમ્પુરની મુલાકાત લેવા ઈચ્છતા પ્રવાસીઓ રૂ. ૩૩૯૯ જેટલી ઓછી કિંમતે હવાઈ મુસાફરી કરી શકે છે. પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં લઈ એરએશિયા દ્વારા આજથી જ ટિકિટ બુકીંગનો પ્રારંભ કરાવી દેવાયો હતો. નવો પ્રવાસ તા.૨૯ એપ્રિલ, ૨૦૨૦થી શરૂ થશે. આ શરૂઆત સાથે વધુ પ્રવાસીઓ એર એશિયાની પસંદગી કરવા પ્રેરિત થશે અને તેમનો કુઆલાલુમ્પુર સુધીનો પ્રવાસ વધારે સુવિધાજનક બનશે. આ વિશે એરએશિયાનાં કોમર્શીયલ હેડ રાજકુમાર પરન્થમને જણાવ્યું હતું કે, એરએશિયામાં અમારા વિઝન નાઉ એવરીવન કેન ફ્લાય એટલે કે હવે દરેક વિમાનમાં મુસાફરી કરી શકે છે તેને અનુરૂપ અમારો ઉદ્દેશ દરેક સ્ટેપ પર અમારા મહેમાનોને લાભ થાય એવી વિશિષ્ટ ઓફરો રજૂ કરવાનો છે. આ ડેવલપમેન્ટ સાથે અમે અમારા રૂટ પર વધારે સ્થળો ઉમેરવા અને અમારા મહેમાનોને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનનો સુવિધાજનક અનુભવ આપવામાં મદદરૂપ થવા આતુર છીએ. અમને આશા છે કે, આ ફ્લાઈટની શરૂઆત સાથે અમારી વૃદ્ધિને વેગ મળશે અને અમને આ પ્રકારની વધારે ઓફર કરવા વધારે પ્રેરણા મળશે.

# મુખ્યમંત્રી સાથે શેઝ પ્રજાસત્તાક અને ઉઝબેકિસ્તાન રાષ્ટ્રના રાજદૂતોની સૌજન્ય મુલાકાત



ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નવી દિલ્હી પ્રવાસ દરમિયાન શેઝ પ્રજાસત્તાક અને ઉઝબેકિસ્તાન પ્રજાસત્તાક રાષ્ટ્રના ભારત સ્થિત રાજદૂતોએ મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાત લીધી હતી. તદઅનુસાર શેઝ પ્રજાસત્તાક રાષ્ટ્રના ભારત સ્થિત રાજદૂત શ્રીયુત મિલાન હોવોરકા (H.E.Mr. MilanHovroka) મુખ્યમંત્રીને ગરવી ગુજરાત ભવન ખાતે મળ્યા હતા.

વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા-સૌજન્ય મુલાકાત ઉઝબેકિસ્તાનના ભારતીય રાજદૂત શ્રીયુત ફરહોદ અર્ઝિવ (H.E.Mr. FarhodArziev) પણ નવી દિલ્હીમાં લીધી હતી.

મુખ્યમંત્રીની તાજેતરની ઉઝબેકિસ્તાન મુલાકાત દરમિયાન ઉઝબેકિસ્તાન-ગુજરાત વચ્ચે વિવિધ ક્ષેત્રે સંબંધો માટે થયેલી કામગીરીથી ઉઝબેકિસ્તાન રાજદૂતે મુખ્યમંત્રીને માહિતગાર કર્યા હતા.

મુખ્યમંત્રીએ પણ તેમનો ઉઝબેકિસ્તાન પ્રવાસ ભારત-ગુજરાત અને ઉઝબેકિસ્તાનના પરસ્પર સંબંધોને વધુ સુદ્રઢ બનાવનારો ફળદાયી બની રહ્યો તેની ચર્ચા-વિમર્શ પણ ઉઝબેકિસ્તાન રાજદૂત સાથે કર્યા હતા.

# મોતીપુરા (વેડા) એ વૉટર મીટર ધરાવતુ જિલ્લાનું પ્રથમ ગામ બનશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાનું મોતીપુરા(વેડા) ગામ વૉટર મીટર ધરાવતુ પ્રથમ ગામ બનશે. નલ સે જલ યોજના અંતર્ગત જિલ્લાનું આ પ્રથમ ગામ બનશે.

આ ગામના તમામ ઘરોમાં વૉટર મીટર ૯૦:૧૦ની જોગવાઈ અંતર્ગત લગાવવામાં આવશે. ૧૦ ટકા લોકો લોકફાળા તરીકે જમા કરાવશે. આ માટે ટેન્ડરીંગની પ્રક્રિયા પણ વાસ્મો દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

માણસા તાલુકાનું મોતીપુરા(વેડા) ગામ વૉટર મીટર ધરાવતુ પ્રથમ ગામ બનશે આથી વૉટર મેનેજમેન્ટ પણ સુદઢ બનશે. મળતી વિગતો પ્રમાણે આ ગામમાં પાણીના દર પાણી સમિતિની બેઠકમાં નક્કી કરવામાં આવશે. આ કામગીરી માર્ચના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

તાજેતરમાં જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવાઈ ગયો છે.

દરમ્યાન જિલ્લામાં નલ સે જલ અંતર્ગત ત્રણ તાલુકામાં કામગીરી લગભગ સંપન્ન થઈ ગઈ છે. જ્યારે દહેગામ તાલુકાના પાસુન્દ્રા ગામમાં એકસોથી વધુ જોડાણો આપવાના હજુ બાકી છે. જે પણ માર્ચ સુધીમાં સંપન્ન થઈ જશે.

પાસુન્દ્રા ગામ એ ભાજપના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણનું ગામ છે અને ત્યાં જ આટલી મોટી સંખ્યામાં નળ જોડાણોની કામગીરી બાકી રહી છે.

## રક્તદાન મહાદાન

# જયશંકર-જુગલજીની જીતને પડકારતી અરજી કોર્ટે ફગાવી

### ભાજપના નેતાઓને આખરે મોટી રાહત મળી : રાજ્યસભા ચૂંટણીમાં જીત થયા બાદ બંને નેતાની જીતને પડકાર ફેંકીને દાખલ કરાયેલ કોંગીની ૩ અરજી ફગાવાઈ

વિદેશ પ્રધાન એસ. જયશંકર અને સાંસદ જુગલજી લોખંડવાલાને ગુજરાત હાઈકોર્ટે મોટી રાહત આપી છે. ગુજરાતની રાજ્યસભા બેઠકની ચૂંટણીમાં આ બંને નેતાઓની જીતને પડકારતી ત્રણ અલગ-અલગ ઈલેકશન પિટિશન ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાઈ હતી, જેની સુનાવણીના અંતે આજે હાઈકોર્ટના જસ્ટિસ બેલાબહેન ત્રિવેદીએ ભાજપના બંને નેતાઓને મોટી રાહત આપતાં તેમની જીત અને ચૂંટણી પંચના નિર્ણયને બહાલ રાખ્યો હતો. હાઈકોર્ટે ત્રણેય ઈલેકશન પિટિશન આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. ગુજરાતની રાજ્યસભા ચૂંટણીમાં ભાજપના વિદેશપ્રધાન એસ.જયશંકર અને સાંસદ જુગલજી ઠાકોર વિજયી બનતાં કોંગ્રેસના ગૌરવ પંડયા અને ચંદ્રિકાબહેન ચુડાસમા તેમ જ અને વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ત્રણ ઈલેકશન પિટિશન કરી આ બંને નેતાઓની રાજયસભાની જીતને પડકારી હતી. કોંગ્રેસના ઉમેદવારો તરફથી પિટિશનમાં એવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, પ્રસ્તુત કેસમાં રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એકટ-૧૯૫૧ની કલમ-૮૧,૮૨ અને ૮૩ ઉપરાંત, ૮૬માં નિર્દિષ્ઠ જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું નથી. આમ, ભાજપના નેતાઓની જીત ગેરકાયદે અને ગેરબંધારણીય કહી શકાય. ભાજપના નેતાઓ તરફથી સ્પષ્ટ જણાવાયું હતું કે, ચૂંટણી પંચના નિર્ણય મુજબ, રાજયસભાની ચૂંટણી યોજાઈ છે, અને તેથી તેમાં કંઈ ખોટુ કે અયોગ્ય વાત નથી. અરજદારની પિટિશન અસ્થાને છે. અગાઉ ખુદ સુપ્રીમકોર્ટે પણ ઈલેકશન કમીશનના નિર્ણયને બહાલ રાખ્યો હતો. પક્ષકારોને સાંભળ્યા બાદ હાઈકોર્ટે કોંગ્રેસના ઉમેદવારોની ઈલેકશન પિટિશન ફગાવી દીધી હતી. કોર્ટે આ અરજીઓ ફગાવવાનું એક કારણ એ પણ આપ્યું હતું કે, આ એક જ પિટિશન મારફતે બે અલગ-અલગ ઈલેકશન પડકારવામાં આવ્યા છે અને જેમની ચૂંટણી પડકારાઈ તે ઉમદેવારને પણ પક્ષકાર બનાવવામાં આવ્યા ન હતા. અગાઉ ચૂંટણી પંચ દ્વારા ગુજરાતની રાજયસભાની બે બેઠકોની અલગ-અલગ ચૂંટણીને લઈ જારી કરેલા જાહેરનામાને કોંગ્રેસ દ્વારા સુપ્રીમકોર્ટમાં પડકારવામાં આવ્યું હતું, જો કે, કોંગ્રેસને કોઈ રાહત મળી ન હતી. ત્યારબાદ આજે હાઈકોર્ટમાંથી પણ કોંગ્રેસની પિટિશન ફગાવાઈ હતી.

# ગુજરાત કોંગ્રેસના માળખામાં ધરખમ ફેરફારની માટે તૈયારી

### શહેરમાં ઝોન પ્રમુખોની નિમણૂંક કરવા તૈયારી : અહમદ પટેલની આગેવાનીમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધીને મળશે : જીત મેળવવાની રણનીતિ ઘડાશે

ગુજરાત ભાજપમાં સંગઠનમાં ફેરબદલ કરવાની ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે હવે ગુજરાત કોંગ્રેસે પણ સંગઠનમાં ધરખમ ફેરબદલ અને સુધારા કરવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. ચાલુ વર્ષે યોજાનારી છ મહાનગર પાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણીને કારણે કોંગ્રેસે પ્રદેશ પ્રમુખથી લઈ શહેર પ્રમુખો બદલવાની તૈયારીઓ આરંભી દીધી છે. આ અંગે નિર્ણય લેવા માટે આગામી તા.૧૫ ફેબ્રુઆરી બાદ અહમદ પટેલની આગેવાનીમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીને મળવા જશે. કોંગ્રેસ હાઈકમાન્ડના નિર્દેશ અને દિશાસૂચન બાદ તા.૧૫મી ફેબ્રુઆરી બાદ ગુજરાત કોંગ્રેસનું નવી સ્ટાઈલથી આખું નવુ સંગઠન ઉભુ કરવામાં આવશે. નોંધનીય વાત એ છે કે, કોંગ્રેસના આ નવા સંગઠનમાં દરેક શહેરમાં ઝોન મુજબ પ્રમુખોની નિમણૂંક કરાશે અને તેની ઉપર ત્રણ કાર્યકારી પ્રમુખો મૂકવામાં આવશે. દરેક શહેરમાં સંગઠનનું આ પ્રમાણે જ માળખું રહેશે. જેના આધારે નવા સંગઠનની રચના કરશે અને આ સંગઠનના આધારે ચૂંટણી લડાશે. ગુજરાત કોંગ્રેસે તાલુકા, જિલ્લા પંચાયત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત છ મહાનગર પાલિકાની ચૂંટણીમાં જીત મેળવવા માટે પ્રદેશ અને શહેરના માળખું વિખેરી નાંખી નવી ડિઝાઈન પ્રમાણેનું માળખું તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. નવા સંગઠનમાં કોંગ્રેસમાં શહેર પ્રમુખ ઉપરાંત ઝોન પ્રમાણેના પ્રમુખોની નિમણૂંક કરવામાં આવશે. જેમાં અમદાવાદ શહેરના સાત ઝોન પ્રમુખોની નિમણૂંક કરવામાં આવશે અને આ ઝોન પ્રમુખોની ઉપર ત્રણ કાર્યકારી પ્રમુખોની નિયુક્તિ પણ થશે. જ્યારે તેની ઉપર એક શહેર પ્રમુખ રહેશે. છેલ્લા બે વર્ષથી પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ધાનાણી વચ્ચેના ખટરાગને કારણે સંગઠનની કામગીરી ખોરંભે પડી છે અને કોંગ્રેસમાં આંતરિક અસંતોષ અને નારાજગીના સૂર પણ છાશવારે સામે આવતાં રહે છે ત્યારે નવા સંગઠનમાં પક્ષાપક્ષી કે લાગવગશાહીને બદલે પક્ષ પ્રત્યેની વફાદારી, નિષ્ઠા અને પક્ષની જીત માટે જે મજબૂત અને નિર્ણાયક સાબિત થાય તેવા લોકોને ખાસ સમાવવા માંગણી ઉઠી રહી છે. ઉલ્લેખનીય છે કે, ભાજપ સરકારના અનેક વિવાદીત નિર્ણયો સામે પણ એકસંપ થઈ લડવામાં આંતરિક વિખવાદને કારણે કોંગ્રેસ આક્રમક બની શકતી નથી. કોંગ્રેસના ધારાસભ્યો અને સંગઠનના આગેવાનો વચ્ચેના ગજગ્રાહ તેમજ સંકલનના અભાવે કાર્યકરો પણ નિષ્ક્રિય થઈ ગયા છે. જેના કારણે ગુજરાત સરકારની વિવિધ નીતિઓ, યોજનાઓ અને ભૂલો સામે લડવામાં કોંગ્રેસની ધાર સાવ બુઠ્ઠી થઈ ગઈ છે. જેથી કાર્યકરોમાં ઉત્સાહનો સંચાર લાવવા કોંગ્રેસ સંગઠનમાં ધરમૂળથી પરિવર્તન કરવા જઈ રહી છે. આગામી દિવસોમાં કોંગ્રેસ નવા કલેવર સાથે જોવા મળે છે કે, એ જ જૂની પુરાણી ઘરેડમાં સંગઠનના પાસા ગોઠવાય છે તે જોવાનું રસપ્રદ રહેશે.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૦૮/૨૦૧૯-૨૦**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા રસ્તા, બિલ્ડીંગ તથા ઓફીસ રીપેરીંગના કામો જેની અંદાજીત રકમ રૂ. ૬.૯૩ લાખથી રૂ. ૧૨૪.૧૧ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૭/૨/૨૦૨૦થી તા. ૧૯/૨/૨૦૨૦ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.stetetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાની મળી શકશે.

નામાનિ/હિંમત/૪૪૭/૨૦૨૦

**ટેન્ડર નોટીસ**

**નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી,**

બ્લોક નં. ૨, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર

**જુના વાહનની ટેન્ડર કમ હરાજી**

આ કચેરીના જુના બીન ઉપયોગી લખીમાંડવાળ કરેલ વાહન નં. **GJ-18-G-1614**ની જાહેર હરાજી ટેન્ડર દ્વારા વેચાણથી આપવાના હોઈ રસ ધરાવતી પેઢીઓ પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોરમનું વિતરણ / સ્વીકારવાની કામગીરી તા. ૬/૨/૨૦૨૦થી તા. ૨૦/૨/૨૦૨૦ના સમયગાળા દરમિયાન (જાહેર રજા તથા શનિવાર / રવિવાર સિવાય) આ કચેરી ખાતેથી સવારના ૧૧.૦૦ થી ૨.૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફી રૂ. ૫૦૦/- રોકડા હિસાબી શાખામાં ભરી મેળવી લેવાના રહેશે. ભરેલા ટેન્ડર ફોર્મ સ્વીકારવા કે રદબાતલ કરવાનો અધિકાર નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગાંધીનગરને અબાધિત રહેશે.

માહિતી/૨૨૨૫/૧૯-૨૦ **નિયામક**